# મતદાર નોંધણી અધિકારી ૧૨– પાલનપુર વિધાનસભા મતદાર વિભાગ
## અને નાયબ કલેક્ટર પાલનપુર

પ્રાંત કચેરી પાલનપુર મુ. તા.પાલનપુર,જિ.બનાસકાંઠા, ફોનઃ– ૦૨૭૪૨–૨૨૫૭૩૫
ઈમેલઃ– po-palanpur@gujarat.gov,in


નં.મતદારયાદી/મતદાન મથક/વશી/૨૦૨૦

તા.૨૪/૯/૨૦૨૦

પ્રતિ,
(૧) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, બનાસકાંઠા, પાલનપુર
(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, બનાસકાંઠા, પાલનપુર
(૩) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પાલનપુર

**વિષય :– જર્જરીત મતદાન મથકો તોડી પાડતા અગાઉ પૂર્વ પરવાનગી લેવા બાબત**

ઉપરોકત વિષય પરત્વે સાદર નિવેદન કે, ૧૨– પાલનપુર વિધાનસભા મતદાર વિભાગમાં સમાવિષ્ટ કુલ–૨૮૧ મતદાન મથક પૈકી મોટાભાગના મતદાન મથકો પ્રાથમિક, માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ખાતે આવેલા છે. મતદાન મથકોએ ભારતના ચુંટણી પંચના સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોય છે. આથી મતદાન મથક જર્જરીત થાય ત્યારે તે બાબતનું ધ્યાન ભારતના ચુંટણી પંચને દોરી મતદાન મથક અન્યત્ર ખસેડવા પરવાનગી મેળવી ત્યારબાદ જ તેને તોડી પાડવાની આગળની કાર્યવાહી કરવાની થાય છે. તેમ છતાં ચુંટણીપંચની પૂર્વ પરવાનગી વગર મતદાર મથક તોડી પાડેલ હોવાના કિસ્સા બને તે અતિ ગંભીર બાબત ગણાય. સબબ ૧૨–પાલનપુર વિધાનસભા મતદાર વિભાગમાં સમાવિષ્ટ આપના તાબા હેઠળની શાળાઓમાં આવેલ તમામ મતદાન મથકોની જાળવણી કરવાની સંપૂર્ણ જવાબદારી આપની રહે છે. સબબ હવે પછી ૧૨–પાલનપુર વિધાનસભા મતદાર વિભાગમાં સમાવિષ્ટ આપના તાબા હેઠળની શાળામાં આવેલ મતદાન મથકો જર્જરીત સ્થિતિમાં હોવાથી તોડી પાડવાની જરૂરિયાત જણાય ત્યારે આ બાબતની અગાઉથી અત્રે જાણ કરી મતદાન મથક અન્યત્ર ખસેડવા અંગેની કાર્યવાહી પૂર્ણ થયા બાદ જ મતદાન મથક તોડવાની આગળની કાર્યવાહી કરવા અંગત તકેદારી રાખવા તથા આ બાબતે સંબંધિત તમામને આપની કક્ષાએથી સૂચના અપાઈ જવા વિનંતી છે.

મતદાર નોંધણી અધિકારી
૧૨–પાલનપુર વિધાનસભા મતદાર વિભાગ અને
નાયબ કલેક્ટર પાલનપુર

| | |
|---|---|
| **નકલ સા.રવાના :** | માન. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેકટર સાહેબ, બનાસકાંઠા, પાલનપુર તરફ |
| **નકલ રવાના :** | આચાર્યશ્રી, ............................................................. કોલેજ, તરફ |
| **નકલ રવાનાઃ–** | મરઘાં વિસ્તરણ અધિકારીશ્રી, મરઘાં વિસ્તરણ કેન્દ્રની કચેરી, પાલનપુર તરફ |
| **નકલ રવાનાઃ–** | ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા, પાલનપુર તરફ |
| **નકલ રવાનાઃ–** | તાલુકા વિકાસ અધિકારીશ્રી, પાલનપુર તરફ<br>૨/– આપની સંસ્થા ખાતે આવેલ મતદાન મથકોના કિસ્સામાં સરખી તજવીજ થવા સારૂ. |
| **નકલ રવાનાઃ–** | મદદનીશ મતદાર નોંધણી અધિકારી ૧૨– પાલનપુર વિધાનસભા મતદાર વિભાગ અને મામલતદાર પાલનપુર ૨/– જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ. |

Scanned by CamScanner

૬

ક્રમાંક:પ્રા.વિ.૨/મકમ/પરિપત્ર/૨૦૨૦/૨૨૩૫૦
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા,પાલનપુર
તા.૦૩/૧૦/૨૦૨૦
૦૫

**સંદર્ભ:**-મતદાર નોંધણી અધિકારી-૧૨ પાલનપુર વિધાનસભા મતદાર વિભાગ અને નાયબ કલેક્ટર પાલનપુર ના પત્ર ક્રમાંક:મતદારયાદી/મતદાન મથક/વશી/૨૦૨૦ તા.૨૪/૦૯/૨૦૨૦.

**નકલ રવાના જાણ તથા તાત્કાલિક અમલ સારૂ:-**

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી, સરકારી મા. અને ઉ.મા. શાળાઓ તમામ,
તા.પાલનપુર

Scanned by CamScanner